॥ ઓ३म् ॥

જ્ઞાન કુંજ

(પુષ્પ પહેલું.)

સંગ્રહ કર્તા—

ઘેલાભાઈ વનમાળીદાસ

પ્રકાશક—

પાંચાળ આર્ય મંડળ વેકળા

કિંમત ૦-૧-૦.

સંવત ૧૯૮૦ પ્રત ૧૦૦૦. ઈ. સ. ૧૯૨૪

મુદ્રકઃ- નટવરલાલ શંકરલાલ મહેતા.
વિવેકાનંદ મુદ્રણાલય, ખાડીઆ, ન્યુ રોડ,—અમદાવાદ.

નિવેદન

સુજ્ઞ મહાશયો,

આ પ્રથમ પુષ્પ એજ હેતુથી પ્રગટ કરવામાં આવે છે કે સમાજમાં પ્રવર્તી રહેલા વ્હેમો, કુરિવાજો, ખોટી માન્યતાઓ વગેરે એના વાચનથી દૂર થાય, અને સદ્-વિચાર ફેલાય.

આ પુષ્પના વેચાણનો નફો ન સંઘરતાં બચત પૈસામાંથી નાના નાના પુસ્તકો છપાવી, સમાજમા વહેંચવામાં આવશે; તો એનો બહોળો પ્રચાર કરવામાં આપ યોગ્ય સહાય્ય આપશો એવી નમ્ર વિનંતિ છે.

પ્રકાશક.

મળવાનું ઠેકાણું:—

પાંચાલ આર્ય મંડળ.

વેડછા [અમલસાડ]

રાગ ખમાજ–ધુમાળી.

વૈષ્ણવજન તો તેને કહીયે, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે. વૈ૦

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે. વૈ૦

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિવ્હા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે. વૈ૦

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે. વૈ૦

વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ એકોતેર તાર્યા રે. વૈ૦

(૨)

(કવાલી.)

હો નાથ–જગત્ નિયંતા, મહિમા અપાર તારો;
યોગી-યતિ બિચારા, થાક્યા કરી વિચારો. હો૦

બ્રહ્માંડ આ રચાયું, તારી મહા કળાથી;
આકાશ અમાપ કીધું, જેનો નહિ કિનારો. હો૦

લાખો ગ્રહો પ્રકાશે, તારા અતુળ બળથી;
તું છે રવિ શશિને, ગગને ઘુમાવનારો. હો૦

વાયુ સદા વહે છે, તારા અપાર ભયથી;
અગ્નિ તપી રહ્યો છે, તે પણ પ્રતાપ તારો. હો૦

તારી સહજ કૃતિથી, પૃથ્વી પ્રચંડ પહાડો;
પ્રકટ્યા મહા સમુદ્રો, નદીઓ વહે હજારો. હો૦

પંખી પશુ અને કૈં, વૃક્ષો ફળો ને ફુલથી;
શણગારીયાં પ્રભુ તેં, સૃષ્ટિ તણાં બજારો. હો૦

એવા અજબ જગતને, પેદા કરી તું પાળે;
અંતે અહો પ્રભો તું, સઘળું સંહારનારો. હો૦

તારી અગાધ લીલા, શકીએ જરા ન જાણી;
પણ તું સકળ જગતના, મનને કળી જનારો. હો૦

તારી ગતિ સમજવા, તારૂં સુનામ ભજવા;
હે તાત દયા કરી દે, સુમતિ ને સુવિચારો. હો૦

હે કૃપા નિધાન તારૂં, ભાવે ભજન કરીને;
પૂણ્યો રળી હરિ હું, ભવને તરી જનારો. હો૦

---

(૩)

(રાગ–હમો અબળાને મોટી નીરાંત બાઇ શામળો ધરેણું મારે સાચું રે.)

ઉદય પ્રભાતે આવોરે બંધુ, વેદ બગીચો જોવારે; ટેક
રમ્ય સનાતન અદ્‌ભુત શોભા, દેખી દુઃખડાં ખોવારે. ઉદય.

ગાવસંહિતા આ વૈદિક વૃક્ષો, ખીલેલાં હરિઆળાં રે;
શાખાઓની કુંજ ઘટામાં, યોગી પંખીડાંનાં માળારે. ઉદય.

મંડપ ચાર મનોહર એમાં, બ્રાહ્મણ ગ્રંથો જાણો રે;
ઉપવેદ વેલી રઢિયાળી, નિરખી આનંદ માણો રે. ઉદય.

અષ્ટાધ્યાયી માર્ગ સરળ છે, મહા ભાષ્ય રૂપ દ્વારો રે;
આ વાડીના વીર વિલાસી, ત્યાંથી આપ પધારો રે. ઉદય.

ષટ્ દર્શન ક્યારામાં ખીલ્યાં, કુમુદની વિચાની રે;
ગુંજારવ કરતા મુનિ જન, ભમરાઓ રસ જ્ઞાનિ રે. ઉદય.

કેવડો ઉપનિષદ્ મહેંકે, સ્મૃતિ મોગરો ડોલે રે;
દયાનંદ મીઠી કોયલડી, વૈદિક વાણી બોલે રે. ઉદય.

અજ્ઞાન જળ હોજ ભરેલા, નિર્મળ નજરે આવે રે;
આર્ય પંખીડાં ઊડી ઊડી, અહીં ન્હાવા આવે રે. ઉદય.

આ વાડીનો અદ્ભુત માળી, સહુનો અંતર્યામી રે;
હરિશંકર જેવા પોપટને, વદવા વાચા આપી રે. ઉદય.

---

(૪)

(રાગ—વનચર વીરા વધામણી.)

જાગોરે ભારતમાના બાલુડાં, તમને આર્યો જગાવે;
ઊંઘ ઉડાડવા આપની, વૈદિક ડંકા બજાવે. જાગોરે.

ઘોર અવિદ્યા રાત્રિનો, આજે અવસાન આવે;
અરૂણ દયાનંદ ઉગતાં, સત્ય પ્રકાશ બનાવે. જાગોરે.

ચોર અધર્મી ઘુવડો, નિજ કાયા છૂપાવે;
આર્ય જનો ઉમંગથી, કર્તવ્યે બહાર આવે. જાગોરે.

ભાવ થકી સર્વે ભેટતાં, નાદ 'નમસ્તે' ગજાવે:
વૈદિક વેપાર ખેડવા, શુભ સમાજો બનાવે. જાગોરે.

ઉઠો ઉઠો બંધુઓ, તમને સંદેશા કહાવે:
આ વેપારે આપને, ભાગીદાર બનાવે. જાગોરે.

પ્રથમ પ્રભુની પ્રાર્થના, ભક્તિ પ્રીતે સ્થપાવે;
દાન દયા નીતિ તણા, રૂડાં ખાતાં ખોલાવે. જાગોરે.

સંધ્યા જપ તપ યજ્ઞની, ખાસી ખરીદી કરાવે;
શુભ કર્મો સાથી કરી, મોટાં પૂણ્યો કમાવે. જાગોરે.

આવો આવો આપના, તનના તાપ સમાવે;
મુક્તિ શાન્તિ પામવા, મંગળ મંત્રો ભણાવે. જાગોરે.

---

(૫)

(રાગ—મન મારૂં માને નહિં, દિલડું ઠરે નહિં.)

ભાઇ શિક્ષા અમારી લ્યો ઉરમાં ઉતારી વિદ્યા ભણોને ભાવથી,
જે સંસારમાં સુખ શાન્તિ દેનારી વિદ્યા ભણોને ચાવથી.

વિદ્યા ભણેલો માનવી ભૂખ્યો રહે નહિ ભૂતળે,
જો રામ-સીતા મુખ ભણેલાં શુકને ભોજન મળે.

શિક્ષિત વાનર મદારીનો લોક જોવાને મળે,
તો કેમ વારી જાય નહિ વિદ્વાન નર ઉપર અરે.
જો વસો રાનમાં જઇ મેદાનની મહિં તો પણ મળે સુખ તે થકી. ભાઇ૦

ધનવાન રૂડો રાજવી નિજ રાજ્યમાં સેવાય છે,
પણ રંક જન વિદ્યા વિભૂષિત વિશ્વમાં વંદાય છે;
વિદ્યા વિનાના કુલીન જન પણ ભીખ માગી ખાય છે,
વિદ્વાન કોળી ભીલને સાચી સલામો થાય છે.
કોઇ કુળને પૂછે નહિ, રૂપને પૂછે નહિ, મોહે વિદ્યાના નામથી. ભાઇ૦

ધન ધાન્ય વાપરવા થકી નક્કી ઘટાડો થાય છે,
પણ નિત્ય વિદ્યા દ્રવ્યનો વ્યયથી વધારો થાય છે;
વળી એ અનુપમ દ્રવ્યનો નહિ ભાઇ ભાગ કરી શકે,
ક્રોધે ભરાયો રાજવી કદી પણ નહિ છીનવી શકે;
મગજ તિજોરીની મહિં દોલત વિદ્યા રહી ચોરી શકે કો ન દાવથી.
ભાઇ૦

---

(૬)

(ગઝલ.)

રતિભર જ્ઞાન આવ્યું ના, અહો જે ગ્રંથ વાંચ્યાથી;
કહો તે પુસ્તકો પાછળ, સમય ગુમાવવાથી શું ?

મલિનતા મન નાગુી છુટી, થઇ ના અંતરે શુદ્ધિ;
કહો તે તિર્થ નદીઓમાં, શરીર નવરાવવાથી શું ?
જગતનું હિત કરવાનો, ન વીધ એક પણ શિખ્યા;
ફક્ત ટીલાંજ તાણ્યાંનો, ધરમ સંભાળવાથી શું ?
કદાપિ જ્ઞાન આપે ના, ન કષ્ટો શિષ્યના કાપે;
કહો તે સ્વાર્થિ ગુરૂઓના, ચરણ પંપાળવાથી શું ?
કરોડો વાર કરગરીએ, ન આપે એક પણ ઉત્તર;
કહો તે દેવની પાસે જઇ, બૂમ પાડવાથી શું ?
ન સેવા જીવતા કીધી, કદાપિ માતપિતરની;
મુવા પાછળ લઇ પાણી, કહો ઉડાડવાથી શું ?
મરે ગાયો સદા ભૂખે, ગધેડાં માલ ઉડાવે;
કહો તે દાન લક્ષ્મીનું, કરોડો આપવાથી શું ?
ગરીબો ભુખથી મરતાં, ન ચપટી એક પણ પામે;
મલીદા મસ્તજન મુખે, કહોને નાખવાથી શું ?
સહન શક્તિ ન રજ આવી, ન છુટ્યા કામ ક્રોધાદિ;
કરી ઉપવાસ કાયાને, ભુખે સંતાપવાથી શું ?
વસીને પાઠશાળામાં, ભણ્યા વીધિ સરાવ્યાનો;
ગઇ ના ભીખની ઝોળી, અહો એવું ભણ્યાથી શું ?

(૬)

સદાએ ઉંઘવું ખાવું, પશુનો પાડ જે ભજવે;
અહો એવા મનુષ્યોને, જનેતાએ જણ્યાથી શું ?

(૭)

(રાગ—હું મસ્તાન પ્રેમની મને કોઇ ના છેડોરે.)

ઓ સુધારાના મુખી તારી રીત નઠારી,
રીત નઠારી હવે ઝટ લેને સુધારી. ટેક.

ભાષણ દેતો બહુ ભલાં, જન મંડળ મોઝાર;
જેવું તું ત્યાં બોલતો, તેવો તું ન લગાર,
તું ન પોતે સુધરી બીજાને સુધારી;
જન્મ ભુમિને શી રીતે લઇશ ઉગારી. ઓ સુધારાના.

" જ્ઞાત–વરા કરવા નહિ " દેતો સૌને શીખ;
તુજ ઘર અવસર હોય તો વાવરતો બહુ વિત્ત.
ધિઃક તારી ટેવ આવી નિત્ય નઠારી;
વાત મિથ્યા માત્રથી લે લાભ વિચારી. ઓ સુધારાના.

સુધારક હોવા તણો પ્રાંકો રાખી ફોક;
બહુ બહુ બણગાં ફુંકતો રાજી કરવા લોક,

તું સમો ઉદે થતાં જ્યાં દંભને ધારી;
શે મટે ? તે દેશ બુરો–રંક–ભિખારી. આ સુધારાના.

અબુધને સુધારવા એ નહિ ઉત્તમ રીત;
કાર્ય કરી દેખાડતો પ્રરશે તેનું ચિત્ત.
વિર ? મારી વિનંતિ લે સંઘ સ્વીકારી,
સુધરી તું લે બીજાને સઘ સુધારી. આ સુધારાના.

---

(૮)

(ગજલ.)

અમે તો વૈશ્યના પુત્રો; કળા, કારીગરી કરીએ;
જગતના સુખને કાજે, વિવિધ વેપાર આદરીએ.
અમારી ગુરૂ–પેઢીમાં મહા પુરૂષો ઘણા પ્રગટયા;
કર્યા જેણે મહા કાર્યો, અમે તે કેમ વિસરીએ.
અહો જે વિશ્વકર્માએ, અમારૂં કુળ દિપાવ્યું;
જગતમાં નામના કીધી, અમે તે કેમ વિસરીએ.
મહા બુદ્ધિ થકી પુષ્પક, સમુ વિમાન જે રચીયું;
ગગનમાં રામ વિચરતા, જુઓ રામાયણે લખીયું.

મહાભારત મહિં વાતો, અમારા વંશની સુણો;
બનાવ્યો ધર્મ રાજાનો, સભા મંડપ અતિ રૂડો.
ચતુરાઈ કરી એવી, ભૂમિ જ્યાં લાગતું પાણી;
જણાતી જળ જગાએ ભૂમિ, જુક્તિ ના શકે જાણી.
વળી કંઈ કાષ્ટના ઘોડા, રચી એવી કળા કરતા;
રસીને ખેંચતાં સાથે, ગગનમાં ઉડતા ફરતા.
સમુદ્રો ખેડવા કાજે, વળી વહાણો ઘણાં રચતાં;
અહો જુના જમાનામાં, કળા એવી અમે કરતા.
અમારા પૂર્વજો એવા, પ્રતાપી થઈ ગયા આગે;
ગુમાવી નામ વડવાનું, અમે હલકા પડયાં આજે.
ગઇ લક્ષ્મી અને વિદ્યા, મજુરી રાત દી કરીએ;
રૂપૈયા એક બે રળીને, પરાણે પેટને ભરીએ.
અમારા પૂર્વજોને માન, મળતાં રાજ દરબારે;
અમે તે આબરૂ ખોઇ, શરમ આવે ન તલભારે.
અમારા કુળની માંહી, થયા વિદ્વાન કંઇ એવા;
અમે અજ્ઞાન બુદ્ધિહિણ, બન્યા શુદ્રના જેવા.
અહો શાણા જનો મનની, મંહી આ વાત વિચારો;
તમારી રંક જાતિને, હવે તો સદ્ય સુધારો.

જમાનો આજ વિદ્યાનો, ભણાવો બાળકો પ્યારા;
સહુ સંપે મળી સાથે, ઉપાયો આદરો સારા.

(૯)

જંજાળી જીવડો મૂર્તિ માનીને મલકાશે;
ચેતન મુકી જડ પૂજવામાં ઝાઝુ મન ફુલાશે. જંજાળી.
દીર્ઘ કલ્પના કોરે મુકી, દુઃખ સર્પને પાશે;
સારા સાર વિચાર મુકી તે મૂર્તિ સામો ધાશે. જંજાળી.
મૂર્તિ પૂજી મુખથી બોલે નિરાકાર નાયક છે;
સર્વ શાસ્ત્ર વદે એવું તો, મુર્તિ શું લાયક છે. જંજાળી.
શૈલ્ય શાસ્ત્રીએ શલ્ય તણી કોરીને મૂર્તિ કીધી;
ઉંચકીને આસન પર મુકતાં, ઝાઝી મહેનત લીધી. જંજાળી.
મુર્ખાઓ જઇ નમતા તેને, માગે ફળ તે મીઠાં;
જડ મુર્તિ ફળ શા આપે, છે કો દિવસ દીઠાં. જંજાળી.
મુર્તિ કે' ફળ કયાંથી આપુ, પણ હું ઉલટી પાચું;
બેસાડી અહિં તો હું બેઠી, કળ મુકો તો નાચું. જંજાળી
પત્થર રૂપે પડી જમીન પર, તે તુજ નજરે આવી;
હથીઆરેથી મુને ઘડીને, તુજ સરખી દીપાવી. જંજાળી.

નહિ હું પગુ તું મારો કર્ત્તા, દેખીતું છે સાચું;
તોય મને તું યાચે માટે, તારૂં હૈયું કાચું. જંજાળી.

જાણો છો જે નથી જીવતી, પણ હું પત્થર જેવી;
જડ તે ફળ કેહો ક્યાંથી દેશે, મિથ્યા મહેનત લેવી. જંજાળી.

ટોળ કરી વેદાંન્તિ સરખો, સાર ગ્રહોને સાચો;
મૂર્તિની શી જરૂર છે કો', જગ કર્તાને યાચો. જંજાળી.

લાખો રૂપીઆ મંદીરમાં દઇ, રાખો તેમાં મૂર્તિ;
સત્ય કહું હું સાચું કહું છું, ક્યાં ગઇ સૌની સ્ફુરતી. જંજાળી.

---

(૧૦)

(રાગ—મારા રામ ગયા વનવાસ રે, નેણમાં નિદ્રા ના'વે.)

વ્હાલા વિશ્વકર્માના બાળ રે, શિલ્પી પુત્રો જાગો હવે.
વિચારો મનની માંહે કેવા પૂર્વજો તમારા;
દુનીઆમાં પામ્યા'તા અધિકારરે. શિલ્પી.

ત્વષ્ટા—મય મનુના સરખા, તમારા કુળના હીરા;
બુદ્ધિ ગુણ વિદ્યાના ભંડારરે. શિલ્પી.

હુન્નર વિદ્યામાં જેની મહામતિ પાર પહોંચી;
વાયુ—અગ્નિને વશ કરનારરે. શિલ્પી.

આકાશે ઘુમનારાં વિમાનો રચીયાં જેણે;
વાયુના વેગે સંચરનારરે. શિલ્પી.

નૈકા વિદ્યાથી જેણે, સાગરનો છેડો માપ્યો;
જોવા—જપાન તણા ફરનારરે. શિલ્પી.

કેળવવા યુદ્ધ વિદ્યા, અદ્ભુત ઉપવેદ બનાવ્યો;
દીધાં કૈં શિલ્પ શાસ્ત્ર નિરધારરે. શિલ્પી.

અગ્નિ વાયુના અસ્ત્રો આજે પણ યાદ આવે;
પૂર્વજની કીર્તિનો અંબારરે. શિલ્પી.

એવા મરદોના પુત્રો દેખોને દશા તમારી;
ગુમાવ્યાં માન અને અધિકારરે. શિલ્પી.

વિદ્યાને ખોઈ બેઠા બુદ્ધિને ધોઇ બેઠા;
લક્ષ્મી હીણ બનીઆ છો કંગાલરે. શિલ્પી.

દ્વિજોના પુત્રો છો પણ શુદ્રોની છાપ લીધી;
પૂર્વજના નામ ઉપર હરતાલરે. શિલ્પી.

શુદ્રો કે'વાતાં તમને અંતરમાં લાજ નાવે;
શુદ્રો તો ગણાય નીચ—ગમારરે. શિલ્પી.

અંધારૂં ઘોર આવું જામ્યું અજ્ઞાન કેરૂં;
વિદ્યાનો પ્રકાશ નહિ તલભારરે. શિલ્પી.

માટે મનમાં વિચારી આંખો ઉઘાડો આજે;
કરવાને કોમ તણો સુધારરે. શિલ્પી.

કણબી સુધરવા લાગ્યા કોળી સુધરવા લાગ્યા;
કરવા નિજ જાતિનો ઉદ્ધારરે. શિલ્પી.

માળી સુધરવા લાગ્યા મોચી સુધરવા લાગ્યા;
વાળંદો પણ કરતાં વિચારરે. શિલ્પી.

ભંગીને ઢેડ જેવા, તે પણ સુધરવા લાગ્યા;
ઉંઘો છો કેમ તમે આ વારરે. શિલ્પી.

બીજા લોકો સુધરશે પાછળ સંતાન તમારાં;
દુઃખી થઈ ખાશે સૌનો મારરે. શિલ્પી.

માટે મનમાં વીચારી ચેતો ચેતોરે ભાઇઓ;
કરવા નિજ કોમ તણો ઉદ્ધારરે. શિલ્પી.

પોતાની જાતિ કેરી સેવા કરવાને કાજે;
જાતિના વિર આવો બ્હારરે. શિલ્પી.

મારૂં ને તારૂં છોડી, મિથ્યા અભિમાન મુકી;
જીવતરને સફલ કરો આ વારરે. શિલ્પી.

(૧૧)

(રાગ-ચિંતા મુકી બાપુ ચડો સંગ્રામમાં રે.)

પૂછે જોશીને ચોઘડીઉં શાને નામનું રે;
શાને નામનું રે (૨) પૂછે૦

જમાઇના ઘર કેરૂં નાણું;
ભરી કોથળી ઘરમાં આણ્યું;
ચોઘડીઉં આ દીકરીનું કે દામનું રે. પૂછે૦

ઘરમાં સૌ લાડકડી કહેશે, પણ જ્યાં નાથ નિરખવા બેસે;
મુખ ભાળે ત્યાં સાઠ વરસના શ્યામનું રે. પૂછે૦

શ્યામ વાળ બાળાને શીરે, ધણીને ધોળા સર્વ શરીરે;
વજન વધારે કસાઇથી આ કામનું રે. પૂછે૦

સહિયર આવી વચન સુણાવે, કાળી મર્મમાં અતિ અકળાવે;
સખી મળ્યું આ જોડું તે કયા ગામનું રે? પૂછે૦

(૧૨)

(મન પરદેશી ક્યાંક ચલે-એ રાગ.)

વિરા વસ્તુ વિદેશી ત્યાગ કરો, ત્યાગ કરો દેશી વસ્તુ આદરો. વિ૦
કદરૂપી કાળી હોય માતા, તો પણ ત્યાગ ન થાયેજી;
મન મોહક હોય પરમાતા, પણ પય પાન ન થાયે. વિ૦

કેસુડાં રૂડાં રઢિઆળાં, સુગંધથી સમજાયેજી;
ઇંદ્ર વારૂણાં અતિ રૂપાળાં ખાધેથી મૃત્યુ થાયે. વિરા૦
વિધવિધ રંગી વસ્તુ વિદેશી જોતાં મન લલચાયેજી;
ઇંદ્ર જાળ ને જાદુ મંત્ર સમ અંતે કામ ન આવે. વિરા૦
પરદેશી વિક્રય કરી જાયે દેશી માખો મારેજી;
જુઓ જાગીને ભારત વાસી થઈ શી દશા આ તારીરે. વિરા૦

---

(૧૩)

રાગ-ધનાશ્રી.

વ્હેમની છોડો વાત ભગિનીઓ વ્હેમની છોડો વાત;
મંત્ર ભૂત ને શંકા ડાકણ, માનો એ ભલી ભાત. ટેક.
ભૂત ભવિષ્યને ને વર્તમાનમાં ભૂત કાળ લેખાય;
પૃથ્વી તેજ વાયુ નભ, પાણી પંચભૂત કહેવાય. ભગિની૦
પ્રાણી માત્રને ભૂત વદાએ, સંસ્કૃત વાણ દે સાખ;
મૃત શરીર-શબ પ્રેત ગણાએ, જેની તો બંને ખાખ. ભગિની૦
લાખ ચોરાશી યોનિમાં ભૂત પ્રેતની યોનિ ન ક્યાંય;
ઢોંગા ધુતારા ભુવા પીરોના, સ્વાર્થ પ્રપંચ સધાય. ભગિની૦
અંધારે પડયું દોરડું તેને, સાપ કરી જો બ્હીવાય;
ભ્રમમાં ચિત્તની સ્થિતિ ફરે તો, વ્હેમનો દોષ કઢાય. ભગિની૦

મૃત પ્રાણીનાં પડયાં હાડકાં, વાથી ફ્રસરિ ખાય;
ફોસ્ફરસથી ભડકા ઝીકયે, દાસાં ભૂત મનાય. ભગિની૦
વ્હેમી માથી એ ભય સંસ્કારો, કુખ પારણીયે શીખાય;
તેજ ભૂત પ્રેતો થઇ વળગે, ઝાડ કુંડાંથી ડરાય. ભગિની૦
તાણ આંકડી ધુણવાં એ સૌ, રોગ ભ્રાન્તિથી થાય;
ઔષધિ કે જ્ઞાને મન શાન્તિ, તેના યોગ્ય ઉપાય. ભગિની૦
કંઇ તો ખોટા ઢોંગ મચાવે, પાડી રાડારાડ;
તેને બે ત્રણ થપ્પડ દેવી, એજ સરસ ઉતાર. ભગિની૦
કંઇ મૂર્ખીઓ બચ્ચાં થાવાં, પીર પહાણે પટકાય;
દોરા ધાગા બાધા મંત્રને જંત્રથી ફજેત થાય. ભગિની૦
કાગનું બેસવું તાડનું પડવું, એવું કદિ થઇ જાય;
ચાલે માનતા ધુપ દીપથી, ગાડરીઆનો પ્રવાહ. ભગિની૦
ધણી વિનાની કે વાંઝણીમાં જો, "છું" કહી ગર્ભ રખાય;
તો તો મંતર જંતર સાચાં, બાકી કુદરતી ઉપાય. ભગિની૦
કામણ ટુમણ વશીકરણ સૌ, જંગલી જૂઠી જાણ;
પતિવ્રતા સતી નિર્ગુણ કર્મ, સ્વામિ વશ કરનાર. ભગિની૦
માટે બ્હેનો ! બુદ્ધિ વધારી, મિથ્યા તજો આચાર;
નિર્ભ્રાન્ત બની મન આત્માથી, શોધો સુખ સંસાર. ભગિની૦

(૧૮)

દોહા— તુમ બિન મેરા કૌન હૈ, હે અનાથ કે નાથ;
ઇસ અસાર સંસાર મેં, પકડ ઉબારો હાથ. ૧
જગ ધંધો મેં ખોદીયા, સારા સમય અમૂલ;
રૈન ગવાઈ સોય કે, બીતી ઉંમર ફેજુલ. ૨
અબ કયા ઉત્તર દેય ગા, ન્યાયાધિશ દરબાર;
જહાં ન જુઠે સાક્ષી, નહિ વકીલ મુખ્ત્યાર. ૩
હર સુમિરન કર જીવ જડ, તુજે કહું હરવાર;
સારી ઉમર નિંદમે ખોઈ, એ મતિ મંન્દ ગવાર. ૪
સયના સાહો જાયગા, સુન કુટુંબ ધન ધામ;
હો સચેત બલદેવ નીંદસે, જપ ઇશ્વરકા નામ. ૫
એ ઇશ્વર કીજો કૃપા, અજર અમર અખિલેશ;
દીન બંધુ હમ દીનો કે, કાટો સકલ કલેશ. ૬
હમ આયે તુમરી શરણ, તુમ હો સર્વાધાર;
નૈયા ડૂબે બીચ મેં, સો કીજો પાર ઉતાર. ૭
જીસ ઘરમેં હોતા નહિ, સ્રીયોંકા સત્કાર;
નરક તુલ્ય વહ ભવન હૈ, નિષ્ફળ સબ વહેવાર. ૮
સ્રી શિક્ષા કા ન હો, જબ તક મિત્ર પ્રચાર;
કરો હજારો યત્ન પર, હરગીઝ હો ન સુધાર. ૯

(૧૫

(આરતી.)

જય ત્રિભુવન કર્તા (૨) સબકે આશ્રયદાતા (૨)
ભય સંકટ હરતા. જયદેવ જયદેવ જય ત્રિભુવન કર્તા—

જડ ચેતન સબ ચેને મહિમા તવ ગાવે (૨)
રાજા પરજા સબહી (૨) તુજકો શિર નમાવે. જય દેવ૦

અતુલ તમારી કરૂણા, વરણી નહિ જાઈ (૨)
મંગલ કીર્તિ તમારી (૨) ગગન ગગન છાઇ. જય દેવ૦

તુમ ચેતન પરમેશ્વર તુમ પરિપૂર્ણ સ્વામી (૨)
પુણ્ય પાપ સમ દેખો (૨) પ્રભુ અંતરયામી. જય દેવ૦

અટલ જ્ઞાનકી ચહુદિશ, તુમ જ્યોતિ વિસ્તારી (૨)
નિરખ નિરખ હો ચકૃત (૨) જગમેં નરનારી. જય દેવ૦

હે અનંત તવ શક્તિ વર્ણન કીમ કીજે (૨)
કરો ગર્વ પ્રભુ ચુરણ (૨) નિજ આશ્રય દીજે. જય દેવ૦

ભિક્ષા યહી હમારી, હે મંગલ દેવા (૨)
નિશ દિન હો ઉત્સાહીત (૨) કરૂં તેરી સેવા. જય દેવ૦

ઈત્યોમ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

પાંચાળ હિતચિંતક મંડળ.

ઉપરોક્ત મંડળ સુરત વિભાગમાં પ્રચારનું કાર્ય કરી રહ્યું છે. પૈસાના અભાવે સારા સારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાતી નથી; તો દાની સજ્જનો ઉદાર હાથ લંબાવી વિદ્યાદાન જે સર્વથી શ્રેષ્ઠ દાન છે, તેમાં સહાય્ય કરી પુણ્યના ભાગી થાઓ.

પત્ર વહેવાર નીચેના શિરનામે કરવો:

શ્રીમાન્ મકનજી ભુલાભાઈ મીસ્ત્રી, કછોલી.

[વાયા—અમલસાડ]